# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું આતંકવાદ પર એકસાથે બે ધોરણ અસ્વીકાર્ય**
2. સર્વોચ્ચ અદાલતે 20 ટકા ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલના દેશવ્યાપી અમલીકરણને પડકારતી જાહેર હિતની અરજી ફગાવી
3. પૂરથી અસરગ્રસ્ત પંજાબના ખેડૂતોને શક્ય તમામ સહાય પૂરી પાડવા કેન્દ્ર સરકારની ખાતરી
4. ચૂંટણી પંચે કહ્યું, બિહારની ડ્રાફ્ટ મતદાર યાદી પર દાવા, વાંધા અને સુધારા હજુ પણ દાખલ કરી શકાય
5. ગુજરાતના ટૅનિસ ખેલાડી હરમિત દેસાઈએ ચેક રિપબ્લિક દેશમાં ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM SCO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આતંકવાદ પર એકસાથે બે ધોરણ અસ્વીકાર્ય છે. ચીનના તિયાનજિન ખાતે શાંઘાઈ સહકાર સંગઠન-SCO સંમેલનમાં નિવેદન આપતા, શ્રી મોદીએ પહલગામ આતંકવાદી હુમલા પછી ભારત સાથે એકતા દર્શાવનારા દેશોનો આભાર માન્યો.

### (બાઇટ : PM TERROR)

પ્રધાનમંત્રીએ SCO સંમેલન દરમિયાન રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે પણ દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કર્યું.

. . . . . . . . . . . . . .

## BRAND NEW PM MODI - PUTIN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને આજે આર્થિક, નાણાકીય અને ઉર્જા ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સહયોગ પર ચર્ચા કરી અને આ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોમાં થતાં સતત વધારા પર સંતોષ વ્યક્ત કર્યો. બંને નેતાઓએ શાંઘાઇ સહયોગ સંગઠન-SCO સમિટ દરમિયાન ચીનના તિયાનજિનમાં દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને નેતાઓએ યુક્રેન સંબંધિત નવીનતમ વિકાસ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. પ્રધાનમંત્રીએ યુક્રેનમાં સંઘર્ષને ઉકેલવા માટે લેવામાં આવેલી તાજેતરની પહેલો માટે પોતાનો ટેકો પુનરોચ્ચાર કર્યો,

અને સંઘર્ષને ઝડપી બનાવવા અને ટકાઉ શાંતિ સમાધાન શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

શ્રી મોદીએ રાષ્ટ્રપ્રમુખ પુતિનને સંદેશ આપ્યો કે તેઓ આ વર્ષના અંતમાં 23મા વાર્ષિક શિખર સંમેલન માટે ભારતમાં તેમનું સ્વાગત કરવા આતુર છે.

(બાઇટ : MODI-PUTIN--RUSSIA-INDIA-RELATIONS)

. . . . . . . . . . . . . . .

## PM - SEMICON INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે સેમિકોન ઇન્ડિયા - 2025નું ઉદ્ઘાટન કરશે. આ ત્રણ દિવસીય પરિષદ દેશમાં એક મજબૂત, સ્થિતિસ્થાપક અને ટકાઉ સેમિકન્ડક્ટર માળખાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમાં સેમિકોન ઇન્ડિયા કાર્યક્રમની પ્રગતિ, સ્માર્ટ ઉત્પાદન, સંશોધન અને વિકાસમાં નવીનતાઓ અને કૃત્રિમ બુદ્ધિમતા, રોકાણની તકો, રાજ્ય-સ્તરીય નીતિ અમલીકરણ, વગેરે પર સત્રો યોજાશે. પ્રધાનમંત્રી બુધવારે કોન્ફરન્સમાં પણ ભાગ લેશે.

48 થી વધુ દેશોના બે હજાર 500 થી વધુ પ્રતિનિધિઓ સહિત 20 હજારથી વધુ લોકો આ પરિષદમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . .

## PREZ-AIISH DIAMOND JUBILEE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પીચ એન્ડ હિયરિંગ -AIISH ને નવીન બનવા અને સંદેશાવ્યવહાર વિકારના મુદ્દાને ઉકેલવા માટે ટેકનોલોજી અને પદ્ધતિઓ વિકસાવવા હાકલ કરી હતી. તેઓ આજે મૈસુરમાં AIISHના હીરક જયંતિ ઉજવણીમાં આ મુજબ જણાવ્યુ. સંસ્થાના કુશળતાના ક્ષેત્રમાં પ્રયાસોની પ્રશંસા કરતા સુશ્રી મુર્મુએ કહ્યું કે જે સંસ્થા પાસે સેન્ટર ઓફ એક્સેલન્સ પણ છે તેણે અન્ય સંશોધન સંસ્થાઓ, સ્ટાર્ટ અપ્સ સાથે કામ કરવું જોઈએ અને તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વાણી ભાષા રોગવિજ્ઞાન અને શ્રવણ વિકલાંગતાના મુદ્દાઓને ઉકેલવા માટે સામેલ કરવા જોઈએ.

**(બાઇટ : PRESIDENT-MURMU-ON-TECHNOLOGY)**

. . . . . . . . . . . . . . .

# SC-ETHANOL

સર્વોચ્ચ અદાલતે આજે 20 ટકા ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ -EBP-20 ના દેશવ્યાપી અમલીકરણને પડકારતી જાહેર હિતની અરજી (PIL) ને ફગાવી દીધી હતી, અરજીમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે લાખો વાહન માલિકોને તેમના વાહનોના એંજિનને અનુરૂપ ન હોય તેવા ઇંધણનો ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે, આ દલીલોને ફગાવી દીધી હતી, જેમાં પેટ્રોલિયમ

અને કુદરતી ગેસ મંત્રાલયને તમામ ઇંધણ સ્ટેશનો પર ઇથેનોલ-મુક્ત પેટ્રોલ આપવાની માંગ કરવામાં આવી હતી. દરમિયાન, કેન્દ્રએ અરજીનો વિરોધ કરતા કહ્યું કે, પેટ્રોલમાં 20 ટકા સુધી ઈથેનોલ ઉમેરવાથી શેરડીની ખેતી કરતા ખેડૂતોને ફાયદો થાય છે.

. . . . . . . . . . . . . .

## REV PRADHAN - NCERT

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શિક્ષણ પ્રણાલીમાં ડિજિટલાઇઝેશનના એકીકરણ અને કૃત્રિમ બુદ્ધિમત્તાનો પરિચય આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. શ્રી પ્રધાને આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-NCERT ના 65મા સ્થાપના દિવસની ઉજવણીને સંબોધતા આ મુજબ જણાવ્યુ હતું. આ પ્રસંગે, શ્રી પ્રધાને PM eVidya મોબાઇલ એપ્લિકેશન, DIKSHA 2.0નો શુભારંભ કરાવ્યો અને દેશભરમાં શિક્ષણની ગુણવત્તા અને અભ્યાસક્રમ વિકાસને આગળ વધારવા માટે અન્ય વિવિધ પહેલો પણ કરી હતી. શ્રી પ્રધાને ભારતના શિક્ષણ ક્ષેત્રના વિકાસમાં NCERT ની ભૂમિકાની પણ પ્રશંસા કરી હતી.

**(બાઇટ : DHARMENDRA-NCERT)**

. . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# CHOUHAN - PUNJAB FLOOD

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે આજે પૂરથી પ્રભાવિત પંજાબના ખેડૂતોને ખાતરી આપી હતી કે કુદરતી આફતની આ ઘડીમાં કેન્દ્ર તેમની સાથે મજબૂત રીતે ઉભું છે. શ્રી ચૌહાણે નવી દિલ્હીમાં કૃષિ ક્ષેત્રની રાષ્ટ્રવ્યાપી સ્થિતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરતી વખતે આ મુજબ જણાવ્યુ હતું.

બેઠક દરમિયાન, તેમણે વિવિધ રાજ્યોમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરી અને પંજાબના કેટલાક ભાગોમાં પૂર અને પાક પર તેની અસર અંગે અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી. શ્રી ચૌહાણે કહ્યું કે તેઓ ટૂંક સમયમાં પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને પરિસ્થિતિનો તાગ મેળવશે અને શક્ય તેટલી બધી સહાય સુનિશ્ચિત કરવા માટે પીડિત ખેડૂતોને વ્યક્તિગત રીતે મળશે.

. . . . . . . . . . . . . . .

# SC-BIHAR SIR

ચૂંટણી પંચે કહ્યું છે કે, બિહારની ડ્રાફ્ટ મતદાર યાદી પર દાવા, વાંધા અને સુધારા આજ પછી પણ દાખલ કરી શકાય છે, પરંતુ મતદાર યાદીને અંતિમ સ્વરૂપ આપ્યા પછી જ તેનો વિચાર કરવામાં આવશે.

બિહાર મતદાર યાદીના ખાસ સઘન સુધારા પર સુનાવણી દરમિયાન પંચે સર્વોચ્ચ અદાલતમાં આ દલીલ કરી હતી. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બેન્ચે આજથી આગળ આવા દાવા દાખલ કરવાની સમયમર્યાદા લંબાવવાનો કોઈ નિર્દેશ આપ્યો નથી. સર્વોચ્ચ અદાલતે બિહાર રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના અધ્યક્ષને પણ ખાસ સઘન સુધારા હેઠળ તૈયાર કરવામાં આવી રહેલી મતદાર યાદીમાં ઓનલાઈન દાવા, વાંધા અને સુધારા રજૂ કરવામાં મતદારો અને રાજકીય પક્ષોને મદદ કરવા માટે પેરા-લીગલ સ્વયંસેવકોની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . . .

# JAISHANKAR CONDOLENCE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી મૌલવી અમીર ખાન મુત્તાકી સાથે વાત કરી અને અફઘાનિસ્તાનમાં ભૂકંપમાં થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતે આજે કાબુલમાં એક હજાર પરિવારો માટે ટેન્ટ પહોંચાડ્યા છે. તેમણે માહિતી આપી હતી કે ભારતીય મિશન દ્વારા કાબુલથી કુનારમાં 15 ટન માનવતાવાદી સહાય મોકલવામાં આવી છે. તેમણે ખાતરી આપી હતી કે આવતીકાલથી ભારત તરફથી વધુ

રાહત સામગ્રી મોકલવામાં આવશે. ડૉ. જયશંકરે કુદરતી આફતને કારણે ઘાયલ થયેલા લોકોના ઝડપથી સ્વસ્થ થવા માટે પણ પ્રાર્થના કરી. તેમણે ખાતરી આપી કે ભારત આ મુશ્કેલ સમયમાં અફઘાનિસ્તાનની પડખે ઉભું છે.

. . . . . . . . . . . . . . .

## GST COLLECTION – AUGUST

ગયા વર્ષના ઓગસ્ટ મહિનાની સરખામણીમાં આ વર્ષે ઓગસ્ટમાં ભારતનું વસ્તુ અને સેવા કર સંગ્રહ-GST કલેક્શન 6.5 ટકા વધીને એક લાખ 86 હજાર કરોડ રૂપિયાથી વધુ થયો છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, કુલ સ્થાનિક આવક લગભગ એક લાખ 37 હજાર કરોડ રૂપિયા નોંધાઈ હતી, જ્યારે કુલ આયાત 49 હજાર કરોડ રૂપિયાથી વધુ હતી. ચોખ્ખો GST સંગ્રહ પણ 10.7 ટકા વધીને એક લાખ 66 હજાર કરોડ રૂપિયા થયો હતો.

. . . . . . . . . . . . . . .

## HARMIT DESAI SILVER

ગુજરાતના સુરતના ટૅનિસ ખેલાડી હરમિત દેસાઈએ ચેક રિપબ્લિક દેશમાં ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. 28થી 31 ઑગસ્ટ સુધી ઑમેગા રમતગમત કેન્દ્ર ખાતે યોજાયેલી WTT ફિડર ઑલોમોસ સ્પર્ધામાં તેમણે આ સિદ્ધિ મેળવી છે. ફાઈનલમાં ત્રીજા ક્રમાંક ધરાવતા

હરમિત દેસાઈ ઇરાનના ખેલાડી નોશાદ અલામિયાં સામે 2—3થી હારી ગયા હતા.

અગાઉ તેમણે સ્થાનિક ખેલાડી અને અહીં બિન-ક્રંમાકિત તરીકે રમેલા જાકુબ ઝેલિન્કાને 3-2થી હરાવ્યા હતા. શ્રી દેસાઈએ ક્વાર્ટર ફાઇનલમાં જર્મનીના બિન-ક્રમાંકિત લૉરેન્સ ડેવોસને ત્રણ-એકથી હરાવી સેમિ ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

-------------